



» પવિત્ર રમઝાન માસના રોઝા પૂર્ણ થયા બાદ શુક્રવારે વિશ્વભરમાં મુસ્લિમ સમુદાય દ્વારા ઈદ-ઉલ-ફિત્રની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ દેશોમાં ઈદગાહ અને મસ્જિદોમાં લાખો શ્રદ્ધાળુઓએ એકત્રિત થઈને ઈદની વિશેષ નમાઝ અદા કરી હતી અને પરસ્પર ભાઈચારાનો સંદેશો આપ્યો હતો. ઈજીપ્તની રાજધાની કૈરોમાં ઈદ-ઉલ-ફિત્રનો માહોલ અત્યંત ભક્તિમય રહ્યો હતો. અહીં અલ-સેદીક મસ્જિદની બહાર હજારો મુસ્લિમ શ્રદ્ધાળુઓએ ખુલ્લા આકાશ નીચે એકઠા થઈને ઈદની નમાઝ અદા કરી હતી. રશિયાના સેન્ટ પીટર્સબર્ગ શહેરમાં પણ ઈદ-ઉલ-ફિત્રની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. રમઝાન માસના પૂર્ણાહુતિ પ્રસંગે, મુસ્લિમ સમુદાયના લોકોએ અહીં મોટી સંખ્યામાં એકત્રિત થઈને નમાઝ અદા કરી હતી અને એકબીજાને ઈદની મુબારકબાદી આપી હતી.



# કિમ જોંગ ઉનની પુત્રી ટેન્ક ચલાવતી દેખાઈ

સેઉલ: ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉન અને તેમની પુત્રી ફરી એકવાર લશ્કરી અંદાજમાં જોવા મળ્યા છે. તાજેતરની સૈન્ય ડ્રિલ દરમિયાન, 13 વર્ષની કિમ જુ એ જ્યારે ઓલિવ ગ્રીન ટેન્ક ચલાવી રહી હતી, ત્યારે તેના પિતા કિમ જોંગ ઉન પોતે તે ટેન્કની ઉપર હસતા મુખે બેઠેલા જોવા મળ્યા હતા. સ્ટેટ મીડિયા દ્વારા જાહેર કરાયેલા વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે કિમ જોંગ ઉન ત્રણ સૈનિકો સાથે ટેન્કની ઉપર સવાર છે અને તેમની પુત્રી ડ્રાઈવરની સીટ પરથી ટેન્ક દોડાવી રહી છે. નિષ્ણાતોનું કહેવું છે કે આ રીતે પિતાની હાજરીમાં પુત્રીનું ટેન્ક ચલાવવું એ માત્ર સૈન્ય તાલીમ નથી, પરંતુ તેને દુનિયા સામે કિમના વારસદાર તરીકે રજૂ કરવાનો એક મજબૂત સંકેત છે.

# પત્ની કંઈ કામવાળી નથી, પતિએ પણ ઘરકામ કરવું પડશે: સુપ્રીમ કોર્ટ

**રસોઈ** અને સફાઈ ન કરવી એ 'ક્રૂરતા' નથી; હાઈકોર્ટના ચુકાદાને પડકારતી પતિની અરજી પર SCની ટકોર

નવી દિલ્હી, તા. ૨૦: સુપ્રીમ કોર્ટે શુક્રવારે એક મામલાની સુનાવણી દરમિયાન પિતૃસત્તાક માનસિકતા પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, પતિએ રસોઈ, સફાઈ અને કપડાં ધોવા જેવા ઘરના કામોમાં સમાન રીતે ભાગ લેવો જોઈએ. કોર્ટે સ્પષ્ટ કર્યું કે, "પુરુષ કોઈ કામવાળી સાથે નહીં, પણ જીવનસાથી સાથે લગ્ન કરે છે."

જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે જણાવ્યું કે આજનો સમય બદલાયો છે. જો પત્ની રસોઈ ન બનાવે તો તેને 'ક્રૂરતા' ગણી શકાય નહીં.

કર્ણાટકની એક વ્યક્તિએ તેની પત્ની સામે છૂટાછેડાની અરજી કરી હતી. ટ્રાયલ કોર્ટે 'ક્રૂરતા'ના આધારે છૂટાછેડા મંજૂર કર્યા હતા, પરંતુ કર્ણાટક હાઈકોર્ટે તે આદેશ રદ કર્યો હતો. આથી પતિએ સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા.

પતિના વકીલે દલીલ કરી હતી કે પત્નીનું વર્તન યોગ્ય નથી અને તે રસોઈ પણ બનાવતી નથી. બંને પક્ષો ૨૦૧૯થી અલગ રહે છે અને બંને સરકારી શાળામાં શિક્ષક તરીકે નોકરી કરે છે.

જસ્ટિસ મહેતાએ ટકોર કરી કે, "તમે કોઈ કામવાળી સાથે લગ્ન નથી કર્યા." જ્યારે જસ્ટિસ નાથે ઉમેર્યું કે પતિએ પણ ઘરકામમાં સરખી ભાગીદારી નોંધાવવી જ જોઈએ.

સુપ્રીમ કોર્ટે બંને પક્ષોને ૨૭ એપ્રિલના રોજ રૂબરૂ હાજર રહેવા આદેશ આપ્યો છે જેથી તેમની સાથે સીધી વાતચીત કરી શકાય.

### ઈરાનના ગેસ ક્ષેત્રો પરના હુમલાથી અમેરિકા નારાજ

# ટ્રમ્પ અને નેતન્યાહુ વચ્ચે મતભેદ

**ટ્રમ્પે** નેતન્યાહુને ઈંધણ માળખા પર વધુ હુમલા ન કરવા ચેતવણી આપી

**ઈરાનની** ધમકી - હવે હુમલા થશે તો સાથી દેશોના ઊર્જા મથકો નષ્ટ કરી દઈશું

નવી દિલ્હી, તા. 20: ઈરાનના દક્ષિણી પારસ ગેસ ફિલ્ડ પર ઈઝરાયેલના હુમલા બાદ વૈશ્વિક ઊર્જા બજારમાં ભારે અફરાતફરી મચી છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે આ હુમલા અંગે તેમને કોઈ જાણ નહોતી અને તેમણે બેન્જામિન નેતન્યાહુને હવે પછી કોઈ ગેસ ક્ષેત્રો પર હુમલો ન કરવા ચેતવણી આપી છે. ટ્રમ્પે જણાવ્યું કે, 'મેં તેમને કહ્યું છે કે આવું ન કરો, અને તે હવે નહીં કરે.'

બીજી તરફ, નેતન્યાહુએ અમેરિકાને યુદ્ધમાં ધકેલવાના આરોપોને 'ખોટા સમાચાર' ગણાવ્યા છે અને કહ્યું કે 'શું કોઈ પ્રમુખ ટ્રમ્પને કહી શકે કે તેમણે શું કરવું જોઈએ'. જોકે તેમણે સ્પષ્ટ કર્યું કે ઈઝરાયેલે પોતાની રીતે ઈરાનના ગેસ ફિલ્ડ પર આ કાર્યવાહી કરી છે. આ દરમિયાન, ઈરાને વળતો પ્રહાર કરતા ઈઝરાયેલ, કુવૈત, કતાર અને સાઉદી અરેબિયાના ઊર્જા મથકો પર મિસાઈલ હુમલા કર્યા છે. કતારના વિશ્વના સૌથી મોટા એલએનજી પ્લાન્ટ પર થયેલા હુમલાને કારણે ગેસના ભાવમાં 35 ટકાનો તોતિંગ વધારો થયો છે.

સાઉદી અરેબિયાએ પણ ઈરાન પર વિશ્વાસઘાતનો આરોપ લગાવી લશ્કરી કાર્યવાહીની ચીમકી આપી છે. અમેરિકી ગુપ્તચર વડા તુલસી ગબ્બાર્ડે સ્વીકાર્યું છે કે અમેરિકા અને ઈઝરાયેલના યુદ્ધના લક્ષ્યો અલગ હોઈ શકે છે. ઈરાને ચેતવણી આપી છે કે જો તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ફરી હુમલો થશે, તો તે સાથી દેશોના ઉર્જા મથકોનો સંપૂર્ણ વિનાશ કરશે.

## પેજ 3

### રણવીર સિંહનો 'હાઈ-વોલ્ટેજ' ડાન્સ: 'ધુરંધર 2'ની સક્સેસ પાર્ટીમાં મચાવી ધૂમ



મુંબઈ, તા. 20: બોલિવૂડના એનર્જી બોમ્બ રણવીર સિંહે ફરી એકવાર સાબિત કરી દીધું છે કે જ્યાં રણવીર હોય ત્યાં પાર્ટી ક્યારેય ફિક્કી ન હોઈ શકે! 'ધુરંધર 2'ની ગ્રાન્ડ સક્સેસ પાર્ટીમાં રણવીરે પોતાની હાઈ-વોલ્ટેજ એનર્જીથી આખી મહેફિલ લૂંટી લીધી હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં રણવીર અક્ષય ખન્નાના પોપ્યુલર ટ્રેક 'FA9LA' પર જબરદસ્ત સ્ટેપ્સ કરતો જોવા મળે છે. ચાહકો રણવીરના આ 'અનફિલ્ટર્ડ' અંદાજ પર ફિદા થઈ ગયા છે અને કોમેન્ટ્સ કરી રહ્યા છે કે, 'પાર્ટીની જાન તો રણવીર જ છે!' અક્ષય ખન્નાના સિગ્નેચર સોંગ પર રણવીરનો આ ડાન્સ ઇન્ટરનેટ પર વાયરલ થયો છે.

### પ્રેમાનંદ મહારાજના સત્સંગમાં મગ્ન રાષ્ટ્રપતિ



લખનૌ, તા. 20: ઉત્તર પ્રદેશના ત્રણ દિવસીય ધાર્મિક પ્રવાસે નીકળેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ શુક્રવારે મથુરાના રાધા કેલી કુંજ આશ્રમ પહોંચ્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં રાષ્ટ્રપતિ એક સામાન્ય ભક્તની જેમ મર્યાદાપૂર્વક ખુરશી પર બેસીને પ્રેમાનંદ મહારાજના પ્રવચનમાં એકચિત્તે મગ્ન જોવા મળ્યા હતા. તેમના ચહેરા પરની સ્મિત અને ભક્તિભાવે સૌનું દિલ જીતી લીધું હતું. રાષ્ટ્રપતિએ ઇસ્કોન મંદિર અને પ્રેમ મંદિરમાં લેસર શોનો આનંદ માણ્યા બાદ બાબા નીમ કરોલીની સમાધિ પર પુષ્પ અર્પણ કર્યા હતા. 21 માર્ચે તેઓ ગોવર્ધન પરિક્રમા અને દાનઘાટી મંદિરમાં આરતીમાં પણ સામેલ થશે. ભક્તિ સાથે સેવાનો સંગમ સાધતા તેમણે રામકૃષ્ણ મિશન હોસ્પિટલના નવા કેન્સર બ્લોકનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

### ફેશન ડિઝાઇનર મનીષ મલ્હોત્રાના માતાનું 94 વર્ષની વયે નિધન



મુંબઈ, તા. 20: મશહૂર ફેશન ડિઝાઇનર મનીષ મલ્હોત્રાના માતા સુદર્શન મલ્હોત્રાનું 19 માર્ચના રોજ 94 વર્ષની વયે નિધન થયું છે. તેમના અંતિમ સંસ્કાર 20 માર્ચ 2026ના રોજ મુંબઈના સાંતાક્રુઝ સ્થિત હિન્દુ સ્મશાન ઘાટ ખાતે કરવામાં આવ્યા હતા. ડિઝાઇનરની ટીમે સત્તાવાર નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે તેઓએ એક લાંબુ અને સંતોષકારક જીવન જીવ્યા બાદ દુનિયાને અલવિદા કહ્યું છે. આ દુઃખદ સમાચાર મળતા જ સમગ્ર ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં શોકની લહેર દોડી ગઈ હતી. મનીષ મલ્હોત્રાના નિવાસ્થાને શ્રદ્ધાંજલિ આપવા માટે ઐશ્વર્યા રાય, અભિષેક બચ્ચન, કિયારા અડવાણી, સિદ્ધાર્થ મલ્હોત્રા, વરુણ ધવન, કરિશ્મા કપૂર અને કરણ જોહર જેવા અનેક દિગ્ગજ સિતારાઓ ઉમટી પડ્યા હતા. આ ઉપરાંત પરિણીતી ચોપરા અને રાઘવ ચઢ્ઢાએ પણ હાજર રહીને શોક વ્યક્ત કર્યો હતો.

# ટ્રમ્પની વિવાદાસ્પદ ટિપ્પણીથી જાપાનના PM અસ્વસ્થ



**અંગ્રેજીના** વખાણથી શરૂ થયેલી પ્રેસ બ્રીફીંગ પર્લ હાર્બરના વિવાદ પર પૂરી થઈ, ટ્રમ્પની શૈલીએ ફરી દુનિયાને ચોંકાવી

**વ્હાઇટ** હાઉસની પ્રેસ બ્રીફિંગમાં ટ્રમ્પનો આકસ્મિક કટાક્ષ; ઈરાન પરના હુમલાના પ્રશ્ને 1941ના ઐતિહાસિક જખમ ઉખેળ્યા

વોશિંગ્ટન, તા. 20: ગુરુવારે વ્હાઈટ હાઉસમાં યોજાયેલી પ્રેસ બ્રીફિંગ દરમિયાન અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને જાપાનના વડા પ્રધાન સાનાએ તાકાઈચી વચ્ચેની મુલાકાત ચર્ચામાં આવી હતી. શરૂઆતમાં ટ્રમ્પે તાકાઈચીના અંગ્રેજી પ્રભુત્વના વખાણ કરી 'ટ્રાન્સલેશનની જરૂર નથી' તેવી હળવી મજાક કરી વાતાવરણ હળવું રાખ્યું હતું. આ પહેલાં એક બેઠક દરમિયાન બંને દેશો વચ્ચે ઉર્જા પ્રોજેક્ટ્સ અને મહત્વના ખનિજો અંગેના કરારો પણ જાહેર કરવામાં આવ્યા હતા.

પરંતુ, ઈરાન પરના હુમલામાં સાથી દેશોને કેમ જાણ ન કરી તેવા પ્રશ્નનો જવાબ આપતી વખતે ટ્રમ્પે અચાનક વર્ષ 1941ના પર્લ હાર્બર હુમલાનો સંવેદનશીલ સંદર્ભ આપ્યો હતો. તેમણે તાકાઈચી તરફ ફરીને વ્યંગમાં કહ્યું, 'અમે સરપ્રાઈઝ ઈચ્છતા હતા અને જાપાનથી વધુ સરપ્રાઈઝ વિશે કોણ જાણે? તમે મને પર્લ હાર્બર વિશે કેમ નહોતું જણાવ્યું?' આ ઐતિહાસિક ટિપ્પણી સાંભળીને તાકાઈચી દેખીતી રીતે અસ્વસ્થ જણાયા હતા અને અજંપો અનુભવતા હોય તેમ લાગતું હતું. ત્યાં હાજર પત્રકારો પણ ટ્રમ્પના આશ્ચર્યજનક જવાબથી પ્રતિક્રિયાઓ આપવા લાગ્યા હતા.


ઉલ્લેખનીય છે કે, પર્લ હાર્બર હુમલામાં 2,400થી વધુ અમેરિકનો માર્યા ગયા હતા, જેના જવાબમાં અમેરિકાએ હિરોશિમા અને નાગાસાકી પર પરમાણુ બોમ્બ ફેંક્યા હતા. ઈરાન સાથેના વર્તમાન યુદ્ધ અને ઇઝરાયેલ દ્વારા થયેલા હુમલાઓ વચ્ચે તાકાઈચીની આ મુલાકાત અત્યંત મહત્વની માનવામાં આવે છે, પરંતુ ટ્રમ્પની આ આકસ્મિક ટિપ્પણીએ રાજદ્વારી વર્તુળોમાં ભારે આશ્ચર્ય અને ચર્ચા જગાડી છે.

# ટ્રમ્પ સરકારનો હાર્વર્ડ વિરુદ્ધ મોટો કાનૂની જંગ

**ટ્રમ્પ** સરકારે હાર્વર્ડપાસે અબજો ડોલરની સરકારી ગ્રાન્ટ પરત માંગી

**કેમ્પસમાં** યહૂદી વિરોધી માનસિકતા રોકવામાં નિષ્ફળ રહેવા બદલ કોર્ટમાં દાવો દાખલ કરાયો

**હાર્વર્ડ** પણ આ કાનૂની લડાઈ લડવા મક્કમ



વોશિંગ્ટન, તા. 20 (એપી): અમેરિકાના ન્યાય વિભાગે શુક્રવારે હાર્વર્ડ યુનિવર્સિટી વિરુદ્ધ નવો ફેડરલ દાવો દાખલ કર્યો છે. સરકારનો આરોપ છે કે યુનિવર્સિટી કેમ્પસમાં યહૂદી વિરોધી માનસિકતા ડામવામાં નિષ્ફળ રહી છે, જે નાગરિક અધિકાર કાયદાનું ઉલ્લંઘન છે. આ કાનૂની કાર્યવાહી દ્વારા સરકાર હાર્વર્ડને અપાતી ગ્રાન્ટ અટકાવવા અને અગાઉ અપાયેલી અબજો ડોલરની સબસિડી પરત મેળવવા માગે છે.

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને હાર્વર્ડ વચ્ચેનો આ વિવાદ મહિનાઓથી ચાલી રહ્યો છે. આ અગાઉ સરકારે યુનિવર્સિટીના 2.6 બિલિયન ડોલરના રિસર્ચ ફંડમાં કાપ મૂક્યો હતો અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના પ્રવેશ પર રોક લગાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ડિસેમ્બરમાં એક ફેડરલ જજે ફંડ કાપના નિર્ણયને રદ કરતા સરકારની દલીલોને 'ભ્રમિત કરનારી' ગણાવી હતી.

રિપોર્ટ મુજબ, બંને પક્ષો વચ્ચે સમાધાન માટે વાતચીત ચાલી રહી હતી, જેમાં હાર્વર્ડે તપાસના અંત માટે 500 મિલિયન ડોલર ચૂકવવાની તૈયારી બતાવી હતી. પરંતુ પ્રમુખ ટ્રમ્પે આ રકમ વધારીને 1 બિલિયન ડોસર કરી દીધી છે. ટ્રમ્પ વહીવટીતંત્રનું માનવું છે કે હાર્વર્ડ જેવી સંસ્થાઓ ડાબેરી વિચારધારા અને પક્ષપાતનો અડ્ડો બની ગઈ છે. બીજી તરફ, કોલંબિયા યુનિવર્સિટીએ 200 મિલિયન ડોલર અને બ્રાઉન યુનિવર્સિટીએ 50 મિલિયન ડોલર ચૂકવીને સરકાર સાથે સમાધાન કરી લીધું છે, પરંતુ હાર્વર્ડ હજુ પણ આ કાનૂની લડાઈ લડવા મક્કમ છે.